## ખંભીસર ખાતે ૧૦૮ તરુરોપણ મહાયજ્ઞ સંપન્ન થયો



પર્યાવરણ બચાવ અભિયાન અંતર્ગત ગાયત્રી પરિવાર યુથ ગૃપ, મોડાસા દ્વારા ચોપ્પન રવિવારથી અવિરત દર રવિવારે વૃક્ષારોપણ કાર્યક્રમ ચાલી રહેલ છે. "પ્રાણવાન સન્ડે" અને "મારું ઘર મારું વૃક્ષ" અભિયાનથી મોડાસા ક્ષેત્રમાં વૃક્ષારોપણ ઝુંબેશ સંદર્ભે જન જાગૃતિ વધતી જાય છે. જીપીવાયજી- મોડાસા એ આ ૫૪ મા રવિવારે ખંભીસર ગામે ૧૦૮ રોપાઓનું વૃક્ષારોપણનું આયોજન કર્યું . મહંતશ્રી ગંગાનાથ વિધ્યાલય ,ખંભીસરના મેદાનમાં આ કાર્યક્રમ કરવામાં આવ્યો. ખંભીસરના ગ્રામજનો આ ૧૦૮ તરુરોપણ મહાયજ્ઞમાં આ રોપાઓના ઉછેર માટે સંકલ્પિત થવા જોડાયા. જીપીવાયજીના યુવાનોએ ઉપસ્થિત સૌને પર્યાવરણ બચાવવા ખૂબજ મહત્વની જાણકારી આપી. પવિત્ર મંત્રોચ્ચાર સાથે ભાવનાત્મક વાતાવરણમાં સૌએ તરુપુત્ર તરુમિત્રના ભાવસંબંધથી ઉછેર-જતનના સંકલ્પ સાથે ૭૦ લીમડા , ૨૪ આસોપાલવ, ૧૦ કણજી, ૨ ચંપા, ૨ બદામ સાથે કુલ ૧૦૮ છોડનું ઉપસ્થિત ગ્રામજનોના હસ્તે તરુરોપણ કરવામાં આવ્યું. આ ૧૦૮ તરુરોપણ મહાયજ્ઞમાં ખંભીસર કેળવણી મંડળના પ્રમુખશ્રી રમણભાઈ પટેલ, કેળવણી મંડળના સભ્યશ્રીઓ, સ્કુલના શિક્ષકગણ, વિદ્યાર્થીઓ, ખંભીસર ગાયત્રી પરિવારના અગ્રણી કાન્તિભાઈ પટેલ, કામિનીબેન પટેલ સહિત ગામના યુવાનો તેમજ ગાયત્રી ચેતના કેન્દ્ર, મોડાસાના પ્રમુખશ્રી ધર્માભાઈ પટેલ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. આ સમગ્ર આયોજન સફળ બનાવવા જીપીવાયજી-મોડાસાના ભાર્ગવ પ્રજાપતિ, પ્રજ્ઞેશ કંસારા, જનક ઉપાધ્યાય, પરેશ ભટ્ટ, દેવાશિષ કંસારા, વિરેન્દ્ર સોની, કિરણ પટેલ, નિતિન સોની, નીલ જોષી, ઝીલ પટેલ, પ્રકાશ સુથાર વિગેરે યુવાનોએ જહેમત ઉઠાવી હતી.

## બનાસકાંઠા જિલ્લામાં ભારે વરસાદની આગાહીના પગલે એન.ડી.આર. એફ.ની ટિમ તૈનાત



બનાસકાંઠા જિલ્લામાં શુક્રવારની રાત્રે ખાબકેલા ભારે વરસાદ બાદ હજી પણ હવામાન વિભાગે ૭ જુલાઈ સુધી અતિ ભારે વરસાદની આગાહી કરી છે. જેથી અગમચેતીના ભાગરૂપે જિલ્લામાં વડોદરાથી એન.ડી.આર. એફ.ની ટિમ તૈનાત કરવામાં આવી છે.

એન.ડી.આર.એફ.ની ટિમ પ્રત્યેક બચાવ અને રાહત ટુકડી એક દળની ગરજ સારે છે કારણ કે પ્રત્યેક ટીમમાં ૨૫ થી ૩૦ આધુનિક તાલીમ પામેલા જવાનો અને તેમની સાથે પ્રાથમિક તબીબી સારવારના,તૂટી પડેલા માળખાને હટાવવા અને ફસાયેલાઓને બહાર કાઢવાના ઉપકરણો, ધસી પડેલી ઈમારતમાં દબાયેલાઓને શોધવાના અને ત્વરિત સંદેશા વ્યવહારના ઉપકરણો હોય છે. પ્રાથમિક તબીબી સારવાર દુર્ઘટનાના સ્થળે પહેલું કામ ઈજાગ્રસ્તોને ઉચિત પ્રાથમિક તબીબી સારવાર આપીને,વધુ સારવાર માટે ખસેડવાનું હોય છે.તેના માટે આ ટીમો વિવિધ પ્રકારના બેંડેજ ( પાટાપિંડીની સામગ્રી), સ્પલીન્ટ,ઑક્સિજન સિલિન્ડર, સ્ટ્રેચર જેવા સાધનો થી સજ્જ હોય છે અને તેમને આ કામગીરીની તાલીમ પણ આપવામાં આવે છે. ભારે વરસાદ કે વાવાઝોડા કે અન્ય આપદાઓ થી માળખાઓ પડી જાય છે અને લોકો તેમાં ફસાઈ જાય છે.આવા બનાવોમાં ઉપયોગમાં લેવા માટે ટીમ પાસે કોલાપ્સ સ્ટ્રકચર સર્ચ એન્ડ રેસક્યુ - સી.એસ.એસ.આર.ના અદ્યતન ઉપકરણો હોય છે જેમાં હાઈડ્રોલીક જેક્સ,ચેન શો,વિવિધ પ્રકારના કટર્સ, હેમર ડ્રીલ સહિતના સાધનોનો સમાવેશ થાય છે.જ્યારે જમીનદોસ્ત થઈ ગયેલી ઈમારત તળે દબાયેલા લોકોને શોધવા માટે વિકટીમ લોકેટિંગ કેમેરા હોય છે.

## પોશીના તાલુકામાં રાજસ્થાનના નેટવર્ક ઉપર નિર્ભર રહેતા ગામડાઓમાં મોબાઈલ સેવા ઠપ્પ

પોશીના તાલુકાના અસંખ્ય ગામો રાજસ્થાનના મોબાઈલ નેટવર્ક ઉપર નિર્ભર છે ત્યારે ઉદેપુરની ઘટના પછી રાજસ્થાન સરકારે મોબાઈલ નેટ સેવા બંધ કરતાં પોશીના પંથકના અનેક ગામડાઓમાં મોબાઈલ નેટ સેવા ખોરવાઈ છે જેથી ૪ દિવસથી શાળાઓમાં ઓનલાઈન હાજરી તેમજ અન્ય નેટ સેવા બંધ હોવાના કારણે અંધાધૂંધી જેવો માહોલ ઉભો થયો છે. જિલ્લાના અંતરીયાળ વિસ્તારોમાં બી.એસ.એન.એલ. કે અન્ય ખાનગી કંપનીઓનું મોબાઈલ નેટવર્ક મળતું ન હોવાથી પોશીના તાલુકાના અનેક ગામડાઓના મોબાઈલ ધારકો રાજસ્થાનના નેટવર્કની સેવાઓ ઉપર આધાર રાખી રહ્યા છે. રાજસ્થાનમાં કોઈ કારણોસર નેટ સેવા ખોરવાય ત્યારે પોશીના પંથકના મોબાઈલ ધારકોને તેની મુશ્કેલી પડતી હોય છે. તાજેતરમાં રાજસ્થાનના ઉદેપુરમાં નૂપુર શર્માના સમર્થકની હત્યા કરાયા પછી સરકારે નેટસેવા બંધ કરી જેના કારણે પોશીનાના કોટડા, ગાંધીસણ, વિરાફળો સહિતના વિસ્તારોમાં રાજસ્થાનું કવરેજ બંધ થયું છે. જેથી મોબાઈલ સેવા ઠપ્પ થતાં ગ્રાહકો અકળાઈ ઉઠ્યા છે. મોબાઈલ નેટવર્ક બંધ હોવાના કારણે આ વિસ્તારની પ્રાથમિક શાળાઓમાં ઓનલાઈન હાજરી પૂરવામાં પણ મોટી સમસ્યા ઉભી થઈ છે. છેલ્લા ૪ દિવસથી રાજસ્થાન સરકાર દ્વારા નેટ સેવા પૂર્ણ રૂપે શરુ કરવામાં આવી ન હોવાથી પોશીના તાલુકાના અસંખ્ય ગામડાઓ દેશ અને દુનિયાથી વિખૂટા પડી ગયા હોય તેવી સ્થિતિ પેદા થઈ છે. તાલુકામાં કેન્દ્ર સરકારની ભારત દૂર સંચાર કંપની કે અન્ય ખાનગી કંપનીઓએ વધુ ટાવરો ઉભા કરી મોબાઈલ નેટવર્ક સેવાનો વિસ્તાર હજુ સુધી કર્યો નથી તેથી આજના સમયમાં પણ આ વિસ્તારના મોબાઈલ ધારકોને રાજસ્થાનના નેટવર્ક ઉપર આધાર રાખવાની નોબત આવી છે.

## પ્રાંતિજ ખાતે સેવાસેતુ કાર્યક્રમ યોજાયો

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે સેવાસેતુ કાર્યક્રમ યોજાયો હતો જેમા સેવાસેતુ કાર્યક્રમમાં લાભાર્થીઓની પાંખી હાજરી જોવા મળી. પ્રાંતિજ શેઠ પી એન્ડ આર હાઈસ્કુલ ખાતે શહેરી વિસ્તાર નો સેવા સેતુ કાર્યક્રમ સરકાર દ્વારા આયોજિત કરવામાં આવ્યો હતો જેમાં લાભાર્થીઓને લાભ મળે તે હેતુથી શાળા ખાતે આખી કચેરી ઉભી કરવામાં આવી હતી. જેમાં રેશનકાર્ડ, આધાર કાર્ડ, મા અમૃતમ યોજના, વાત્સલ્ય કાર્ડ સહિતની યોજના ઓનો સ્થળ ઉપર તાત્કાલિક લાભાર્થીઓને નોંધણી કરી કાર્ડ ઈસ્યુ કરવામાં આવ્યાં હતાં પણ દરેક ટેબલો ઉપર લાભાર્થીઓની પાંખી હાજરી જોવા મળી હતી તો ખુરશી ઓ પણ ખાલી ખમ જોવા મળી હતી તો આ પ્રસંગે નગરપાલિકા પ્રમુખ દિપકભાઈ કડીયા, પૂર્વ પ્રમુખ ગીતાબેન પટેલ, શહેર પ્રમુખ નિત્યાનંદભાઈ બ્રહ્મભટ્ટ, નગર પાલિકા કોર્પોરેટર ધવલભાઈ રાવલ, સંજય ભાઈ પટેલ, મહેશભાઈ, નગરપાલિકા કોર્પોરેટરો સહિત ઉપસ્થિત રહ્યાં હતાં.

### બજારમાં મંદીથી વેપારીઓના નિશાસા

# ગૌરીવ્રત - જિલ્લામાં ડ્રાયફ્રુટના ભાવમાં ગત વર્ષ કરતાં ૧૦ ટકા સુધીનો ઘટાડો

### મોટા મોલ અને બજારમાં ઘરાકી દેખાતી નથી

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૦૩

અષાઢ મહિનો શરુ થયો છે. આગામી સપ્તાહથી ગૌરીવ્રત શરુ થઈ રહ્યું છે પરંતુ સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના બજારોમાં મંદીથી વેપારીઓ નિશાસા નાખતા જોવા મળ્યા. ગત વર્ષ કરતાં આ વર્ષે મંદીના કારણે બદામ, ખારેક, ટોપરુ, જલદાસના ભાવમાં સરેરાશ ૫ થી ૧૦ ટકાનો ભાવ ઘટાડો જોવા મળ્યો છે પરંતુ હજુ સુધી જોઈએ તેવી ખરીદી શરુ થઈ




ન હોવાનું વેપારીઓ જણાવી રહ્યા છે.

અષાઢી બીજ પછી જિલ્લામાં દર વર્ષે અષાઢ અને શ્રાવણ મહિનામાં તહેવારોનું કાઉન્ટ ડાઉન શરુ થઈ જતું હોય છે. જ્યારે કુંવારીકાઓ અને પરણિતાઓ માટે ગૌરીવ્રત અને જયાપાર્વતી વ્રતનું ખાસું મહત્વ રહેલું છે અને ગૌરીવ્રત દરમ્યાન વ્રત કરનારી કન્યાઓ ઉપવાસ કરતી હોય છે અને ડ્રાયફ્રુટ આરોગતી હોય છે. વધતી મોંઘવારીમાં દર વર્ષે અન્ય ખાદ્ય ચીજોની જેમ ડ્રાયફ્રુટમાં પણ ભાવ વધારો થયો છે તેવી સંભાવના પ્રવર્તતિ રહી છે પરંતુ વાસ્તવમાં ડ્રાયફ્રુટના ભાવમાં આ વખતે મંદીનો માહોલ જોવા મળ્યો જેના કારણે ગત વર્ષની સરખામણીમાં ડ્રાયફ્રટના ભાવમાં ૫ થી ૧૦ ટકાનો સરેરાશ ઘટાડો જોવા મળ્યો છે. કેટલાક મોટા મોલમાં વધુ ભાવ ઘટાડો પણ જોવા મળી રહ્યો છે. દર વર્ષે કોઈ તહેવાર આવે ત્યારે મંદીનો માહોલ જોવા મળતો હોય છે અને પાછલા ૨ દિવસ દરમ્યાન ધુમ ઘરાકી જામતી હોય છે. જિલ્લાના બાયડ, ધનસુરા, મોડાસા, માલપુર, મેઘરજ, તલોદ, પ્રાંતિજ, હિંમતનગર, ઈડર, વડાલી, ખેડબ્રહ્મા, ભિલોડા, પોશીના અને વિજયનગરના ડ્રાયફ્ટ બજારમાં ભલે અત્યારે મંદીનો માહોલ હોય પરંતુ આગામી દિવસોમાં ધુમ ઘરાકીથી વેપારીઓ ઉત્સાહીત બને તેવી પૂરેપૂરી સંભાવના છે.

**જિલ્લામાં ડ્રાયફ્રૂટના ભાવ (૧ કિ.ગ્રામ)**

| ડ્રાયફ્રૂટ | ભાવ | ગત વર્ષનો ભાવ |
|---|---|---|
| બદામ | ૬૬૦ | ૭૫૦ રૂા. |
| કાજુ | ૮૦૦ | ૮૪૦ રૂા. |
| ખારેક | ૨૭૦ | ૩૪૦ રૂા. |
| અખરોટ (આખા) | ૭૦૦ | ૭૮૦ રૂા. |
| જલદારુ | ૬૮૦ | ૭૦૦ રૂા. |
| મુક્તિ | ૧૦૦ | ૧૦૦ રૂા. |
| ટોપરુ | ૨૪૦ | ૨૭૦ રૂા. |

### કોમર્શિયલ એલ.પી.જી. ગેસના ભાવ ઘટ્યા

# જિલ્લામાં હોટલ, ચાની કીટલી ચલાવતા ૬૦૦૦ ધંધાર્થીઓને રાહત

### ૧૯ કીલો ગેસ સીલીન્ડરના ભાવમાં રુ ૧૯૮નો ઘટાડો

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૦૩ - સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં હાવિ થયેલી મોંઘવારી વચ્ચે કોમર્શિયલ એલ.પી.જી. ગેસના ભાવમાં ૧૯ કીલોના ગેસ સીલીન્ડરમાં રુ ૧૯૮નો ઘટાડો થતાં હોટલ તેમજ ચા ની કીટલી ચલાવી ઘરનું ગુજરાન ચલાવનારા ૬૦૦૦થી વધુ ધંધાર્થીઓને મોટી રાહત થઈ છે. અગાઉ કોમર્શિયલ ગેસ સીલીન્ડર રુ ૨૨૧૯ આસપાસ મળતો હતો પરંતુ ૧ જુલાઈથી ભાવ ઘટીને રૂ ૨૦૨૧ સુધી થતાં ધંધાર્થીઓએ રાહત અનુભવી છે.

કોમર્શિયલ તેમજ ઘરેલું ગેસના ભાવ અગાઉ વધી જતાં ઉપયોગ કર્તાઓમાં દેકારો મચી ગયો હતો. રાંધણ ગેસમાં વધેલા ભાવના કારણે ગૃહીણીઓને હવે ચૂલા ફેંકવાની નોબત આવી છે પરંતુ કોમર્શિયલ ગેસના વપરાશ કર્તાઓને કાળઝાળ મોંઘવારીમાં ભાવ ઘટાડાની રાહત મળી છે. સરકાર દ્વારા ૧ જુલાઈથી કોમર્શિયલ એલ.પી.જી.ના ભાવમાં રુ ૧૯૮નો ઘટાડો કરવામાં આવ્યો છે જેથી બાયડ, ધનસુરા, મોડાસા, માલપુર, મેઘરજ, ભિલોડા, શામળાજી, ઈડર, વડાલી, હિંમતનગર, વિજયનગર, ખેડબ્રહ્મા, પોશીના, લાંબડીયા, ખેરોજ, લાલ, પ્રાંતિજ, તલોદ સહિતના વિસ્તારોમાં ચા ની



કીટલીઓ ચલાવી ઘરનું ગુજરાન ચલાવનારા ધંધાર્થીઓને કોમર્શિયલ ગેસ વપરાશમાં ભાવ ઘટાડાથી મોટો ફાયદો થયો છે તે જ રીતે હાઈવે ઉપર હોટલોમાં પણ કોમર્શિયલ ગેસનો વધુ ઉપયોગ થઈ રહ્યો છે જેના કારણે વર્તમાન ભાવ ઘટાડો હોટલ સંચાલકો માટે પણ ફાયદારૂપ બન્યો છે. જિલ્લામાં કોમર્શિયલ ગેસના ભાવમાં અગાઉ વધારો થયો હોવાના કારણે ધંધાર્થીઓ મુશ્કેલીમાં મૂકાયા હતા પરંતુ ત્યારબાદ સરકારે કોમર્શિયલ ગેસ સીલીન્ડરના ૧૯ કીલોના સીલીન્ડરના ભાવમાં રુ ૧૯૮નો ઘટાડો કરતાં ધંધાર્થીઓએ રાહત અનુભવી છે. જુલાઈ મહિનાના પ્રથમ દિવસે ગ્રાહકોને કોમર્શિયલ ગેસ સીલીન્ડર ઉપર મોટી રાહત મળી છે. જો કે ઘરેલું રાંધણ ગેસના ભાવમાં આગામી સમયમાં ઘટાડો થશે કે કેમ..?? તેની કોઈ ઈન્ડીયન ઓઈલ કોર્પોરેશને સ્પષ્ટતા કરી ન હોવાથી એલ.પી.જી. રાંધણ ગેસના ગ્રાહકો ક્યારે ભાવ ઘટશે તેની રાહમાં છે.

### ૧ વર્ષની તપાસ પછી કાર્યવાહી

# સાબરકાંઠામાં સસ્તા અનાજનો જથ્થો સગેવગે કરનારા ૨૩ દુકાનદારોને ૫૮ લાખનો દંડ ફટકારતું પુરવઠા તંત્ર

### ૩૭ દુકાનદારો સામે ગમે તે ઘડીએ કાર્યવાહી

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૦૩

સાબરકાંઠાના ૬૦ સસ્તા અનાજના દુકાનદારોની સસ્તા દરનું અનાજ બારોબાર સગેવગે કરવાની સાજીશમાં સંડોવણી બહાર આવ્યા પછી છેલ્લા વર્ષથી જિલ્લા પુરવઠા વિભાગ દ્વારા તપાસ પછી ૨૩ દુકાનદારો સામેના તપાસ અહેવાલને ચકાસીને રુ૫૮,૫૫,૩૧૫ નો દંડ પુરવઠા વિભાગ દ્વ ફટકારવામાં આવતાં સનસનાટી મચી ગઈ છે. જિલ્લાના ઈતિહાસમાં લાખો રૂપિયાનો દંડ ફટકાર્યાની પ્રથમ ઘટના નોંધાઈ છે. જ્યારે ૩૭ દુકાનદારો સામે ! ટૂંકમાં જ દંડનીય કાર્યવાહી થઈ શકે છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર રાજ્યના કેટલાક સસ્તા અનાજના દુકાનદારો કાર્ડધારકોને આપવાનું રેશનીંગ બારોબાર સગેવગે કરતા હોવાના રેકેટ અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે પર્દાફાશ કર્યા પછી રાજ્યના અન્ન અને પુરવઠા નિગમને સંડોવાયેલા દુકાનદારોની નામાવલી આપી હતી ત્યારબાદ સાબરકાંઠાના . દુકાનદારોની સંડોવણી બહાર આવ્યા પછી જિલ્લા પુરવઠા વિભાગ દ્વારા તમામ દુકાનોમાં તપાસ હાથ ધરી હાઈટેક ટેકનોલોજીના ઉપયોગથી કોઈ ખોટું થયું કે કેમ..?? તેની જાણકારી મેળવવાનો પ્રયાસ કર્યો હતો અને દરેક તાલુકામાં મામલતદારની આગેવાની હેઠળ નિમાયેલી ૫ સભ્યોની કમીટીએ સંડોવાયે દુકાનોમાં તપાસ કરી કોમ્પ્યુટર તપાસ માટે પણ મેળવ્યા હતા અને તેમાં કેટલીક દુકાનોમાં ગેરરીતી જણાયા પછી જિલ્લા કલેક્ટરને અહેવાલ સુપ્રત કરાયો હ પરંતુ માત્ર ૫૦ ટકા તપાસ કરી હોવાથી સો ટકા સંપૂર્ણ તપાસ કરવા જિલ્લા કલેક્ટરે આદેશ આપ્યા હતા અને ત્યારબાદ સંપૂર્ણ તપાસ રિપોર્ટ આવ્યા ૫. જિલ્લા પુરવઠા અધિકારી દિપ્તિબેન પ્રજાપતિએ ૬૦ પૈકી ૨૩ દુકાનોના સંચાલકોને સે ૫૮.૫૫ લાખનો માતબર દંડ ફટકારતાં ખોટું કરનારા દુકાનદારો ફફડાટ ફેલાયો છે.

**૨૩ દુકાનદારો સામે દંડનીય કાર્યવાહી - જિલ્લા પુરવઠા અધિકારી**

સાબરકાંઠા પુરવઠા અધિકારી દિપ્તીબેન પ્રજાપતિએ જણાવ્યું કે સસ્તા અનાજનો જથ્થો સગેવગે કરવામાં સંડોવાયેલા ૬૦ દુકાનદારોની તપાસ અહેવાલ મળ્યા પછી ૨૩ ફરિયાદોનો નિકાલ કરવામાં આવ્યો છે. અન્ય દુકાનદારો સામે ટૂંકમાં જ કાર્યવાહી કરાશે.

**કયા દુકાનદારોને કેટલો દંડ**

| વ્યાજબી ભાવની દુકાન | દંડની રકમ |
|---|---|
| હિંમતનગર-૧૯ | રૂા. ૩૭૬૨૮૯૯ |
| હિંમતનગર-૨૯ કફિયતનગર | રૂા. ૯૬૦૭૮ |
| હિંમતનગર-૧૨ | રૂા. ૫૬૮૮૮ |
| હિંમતનગર-૧૪ | રૂા. ૧૨૮૧૨૫ |
| હિંમતનગર-૨૭ માલીના છાપરા | રૂા. ૫૩૬૨૨ |
| હિંમતનગર-૩ | રૂા. ૩૫૧૫૭૪ |
| હિંમતનગર-૧૫ | રૂા. ૯૧૩૧૭ |
| હિંમતનગર-૧૬ | રૂા. ૩૭૭૩૨ |
| કાંકણોલ-૧ | રૂા. ૧૪૨૬૬૮ |
| કાંકણોલ-૨ | રૂા. ૨૧૧૪૧ |
| હિંમતનગર-૯ | રૂા. ૨૪૫૨૩૦ |
| પાણપુર હિંમતનગર | રૂા. ૭૪૩૧૨ |
| હિંમતનગર | રૂા. ૪૪૨૩૫ |
| જશવંતગઢ | રૂા. ૩૨૩૬૬૯ |
| ઈડર-૮ | રૂા. ૯૩૩૨૦ |
| ઈડર-૫ | રૂા. ૪૨૭૨૦ |
| ઈડર-૩ | રૂા. ૮૩૨૦૦ |
| જવાનપુર ઈડર | રૂા. ૧૬૬૯૦ |
| શ્રીનગર ઈડર | રૂા. ૩૫૩૬૦ |
| ઈડર-૧ | રૂા. ૩૯૦૪૦ |
| ગોલવાડા | રૂા. ૧૦૫૨૦ |
| ઈડર-૪ | રૂા. ૮૫૯૬૦ |
| સાપવાડા | રૂા. ૫૦૦૦ |
| મુડેટી | રૂા. ૫૦૦૦ |

# પાલનપુરમાં દોઢ ઈંચ વરસાદમાં ઠેકઠેકાણે પાણી ભરાયાં....

### રેલ્વે અંડર પાસમાં સવારે અવરજવર બંધ થઈ ગઈ મશીન મૂકી પાણી નિકાલ કરાયો...

પાલનપુર તા.૩

પાલનપુરમાં મધરાત્રે ૨:૩૦ વાગે પવન સાથે વરસાદ શરૂ થયો હતો જે સવારે ૪ વાગ્યા સુધી ચાલુ રહ્યો હતો. જેને લઈ શહેરનાં બ્રીજેશ્વર , સુખબાગ રોડ, કમાલપુરા, નાનીબજાર, ગણેશપુરા, વૃંદાવન સોસયટી, આનંદનગર, મેઘા બંગ્લોઝ સહિતના નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા જોકે થોડા સમય બાદ પાણીનો ગોબરી તળાવ, માનસરોવર અને લડબી નદીમાં નિકાલ થયો હતો. આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી.જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે,શહેરમાં વરસાદી પાણીની પાઈપલાઈન જ્યાં નાખવામાં આવી છે તેના લીધે પાણી ઓસરવામાં સફળતા મળી હતી. જોકે રેલ્વે સ્ટેશનની અંદર જવા માટે નવોજ બનાવેલો અંડર પાસ પ્રથમ વરસાદમાં પાણીમાં ગરકાવ થયો હતો. જેનાલીધે સવારે થોડીક વાર માટે અવરજવર બંધ થઈ ગઈ હતી અને મશીન મૂકી પાણીનો નિકાલ કરાયો હતો. વહેલી સવારે કેટલીક સ્કૂલ વાન પાણીમાં ફસાઈ હોવાની સ્થિતિ સર્જાઈ હતી જેના લીધે વાહન ચાલકોમાં રોષ વ્યાપી ગયો હતો. જીગ્નેશ ભાઈ એ જણાવ્યું હતું કે કેટલાક લોકોએ રોડ સાઈડ પર ઊંચા ઓટલા બનાવતા પાણીનો યોગ્ય નિકાલ થઈ શકતો નથી.

## ધર્મ-સંપ્રદાયના નામ ઉપર ભારતીય પ્રજામાં ખૂબ સંવેદનશીલતા..."

### થર્ડ અમ્પાયરની દ્રષ્ટિએ....???

બાયડ તા.૩

ભારત એક એવો દેશ કે જ્યાં વિવિધ સંપ્રદાયના લોકો વસી રહ્યા છે. સંપ્રદાય અનેક...ભાષા અનેક....શ્રદ્ધા કેન્દ્ર પણ અનેક.... દરેક વાતમાં અનેક વિવિધતા છતાંય એક વાતમાં સમાનતા!! એ છે પોત પોતાના સંપ્રદાય કે ધર્મ તરફની સંવેદના... ‘ભારતના લોકો ગમે તે સંપ્રદાયને તેઓ માનતા હોય, હિન્દૂ- મુસ્લિમ- ઈસાઈ- શીખ-જૈન- બૌદ્ધ હોય કે પછી અન્ય કોઈ સંપ્રદાય હોય તેમનામાં પોતાના સંપ્રદાય ઉપર ઠાંસી ઠાંસીને સંવેદના ભરેલી છે....’ સામાન્ય રીતે સહિષ્ણુ કહેવાતો ભારતીય અન્ય કોઈ પોતાના સંપ્રદાય ઉપર અભદ્ર ટિપ્પણી કરે ત્યારે ખૂબજ અસહિષ્ણુ થઈ જતો હોય છે.... અને ધર્મ માટે ક્યારેક હિંસક પણ થઈ જતો હોય છે!

આપણને એવા લોકો પણ ભારતમાં જોવા મળશે કે એકવાર માટે તેમના માબાપ, પરિવારને કોઈ ખરી ખોટી સંભળાવે તો તે નારાજગી સાથે સહન કરી લે છે પણ ભૂલથીય કોઈ પોતાના સંપ્રદાય વિશે ખરું ખોટું સંભળાવી જાય તો તે આ વાત ભૂલી શકતો નથી!! આ સ્વભાવ ભારતમાં વસતા કોઈપણ ભારતીયનો રહ્યો છે... આ વાત હિન્દૂ, મુસ્લિમ જ નહીં કોઈપણ સાંપ્રદાયિક ગૂટ ને એટલીજ લાગુ પડે છે!! કહેવાય છે કે આજે નહીં પણ ભૂતકાળમાં પણ જેટલા યુદ્ધ કે ખૂનામરકી ધર્મના નામ ઉપર થઈ છે એટલી બીજા કોઈ વિષય માટે આ ભૂમિ ઉપર નથી થઈ...

ધર્મ પ્રત્યેની આ લાગણીની હું કદર કરું છું પરંતુ ભારોભાર દુ:ખ એ વાતનું છે શું ભારતીયોને જેટલી સંવેદના ધર્મ-સંપ્રદાય માટે છે એટલી સંવેદના ભારત રાષ્ટ્ર માટે છે ખરી??? તિરંગા માટે ભારતીયો આટલા સંવેદનશીલ બની શકશે ખરા?? ક્યાંક ખોટું તો જરૂર થઈ રહ્યું છે.... જ્યારે ભારતીય પ્રજા તિરંગાને સાંપ્રદાયિક ધ્વજ કરતા વધુ મહત્વ આપવા લાગશે ત્યારે જ ભારતને સમૃદ્ધ અને વિકસિત રાષ્ટ્રની ટોચ ઉપર જોઈ શકશું!! મા ભારતીનું દુર્ભાગ્ય છે કે તેમની પ્રજા દેવી-દેવતાઓ,. ઓલિયાઓ, ફકીરો, મૌલવીઓ, સાધુ સંતોને જેટલું મહત્વ આપી રહી છે તેનું અડધું મહત્વ પણ ખુદ ભારત માતા એટલે કે આપણી જનેતા પાલક માતાને નથી મળતું... શુ સાંપ્રદાયિકથી વધુ મહત્વ રાષ્ટ્ર માટે ના હોવું જોઈએ??

હિન્દૂ દેવી દેવતાનું અપમાન દેખાય છે, મોહમ્મદ સાહેબનું અપમાન પણ સૌને દેખાય છે પણ હવામાં મુકતમને લહેરાતા તિરંગા માટે સૌ કોઈ નીરસ છે!! તિરંગો આપણી જાન છે... તિરંગો આપણી શાન છે.... ધર્મ-સંપ્રદાય કરતા પણ ભારતની પ્રજા માટે તિરંગો મોટું માન સન્નમાન છે પણ એ કોઈના ધ્યાનમાં નથી આવતું એ ભારતના ભવિષ્ય માટેની સૌથી મોટી ચિંતા છે!! આજે ભારતની સેનાના સૈનિકો જ એક માત્ર એવા છે કે જેઓ ભારતના તિરંગાને દિવસમાં ૩ વાર સેલ્યુટ કરે છે... બાકી મુસ્લિમ દિવસમાં ૫ વાર નમાજ અદા કરે કે પછી હિન્દૂ સવાર સાંજ બે વાર મંદિરમાં નમવા જાય તનો કોઈ મતલબ સરતો નથી...

### પ્લાસ્ટીક ઉપર પ્રતિબંધ

## જિલ્લામાં પ્લાસ્ટીકની ચીજવસ્તુઓનું વેચાણ કરનાર ૩૦૦થી વધુ ધંધાર્થીઓને ધંધા બદલવાની નોબત

### થર્મોકોલ, પ્લેટ, કપ, ગ્લાસ ચીજવસ્તુઓ ઉપર પ્રતિબંધ લાગુ

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૦૨

૧ જુલાઈથી સીંગલ યુઝ પ્લાસ્ટીક ઉપર પ્રતિબંધ આવી જતાં સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં વર્ષોથી કટલરીના વેપાર સાથે પ્લાસ્ટીકની ચીજવસ્તુઓનું વેચાણ કરનારા ધંધાર્થીઓને હવે ધંધા બદલવાની નોબત આવી છે. સીંગલ યુઝ પ્લાસ્ટીકનો ઉપયોગ નહીં પરંતુ ઉત્પાદન, આયાત, સંગ્રહખોરી અને વિતરણ વેચાણ ઉપર પણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. પ્રતિબંધનો અમલ કરાવવા માટે સખ્ત કાર્યવાહીની જોગવાઈના કારણે હવે બંને જિલ્લાના પ્લાસ્ટીકના વેપાર સાથે જોડાયેલા વ્યવસાયિકોને નુક્સાન સહન કરવાની સાથે ધંધા બદલવાની ફરજ પડી છે.

ઘણા લાંબા સમય પછી પ્લાસ્ટીક ઉપર આખરે પ્રતિબંધ આવી ગયો છે. સીંગલ યુઝ પ્લાસ્ટીકના વપરાશથી પર્યાવરણ અને જીવ સૃષ્ટીને નુક્સાન થતું હોવાથી અગાઉ સરકારના આ નિર્ણયનો વ્યાપક વિરોધ થયો હતો પરંતુ હવે શુક્રવારથી સીંગલ યુઝ પ્લાસ્ટીક ઉપર પ્રતિબંધ આવી જતાં સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં વર્ષોથી પ્લાસ્ટીક સ્ટીક્સ, ડેકોરેશન માટેના થર્મોકોલ, પ્લાસ્ટીકની પ્લેટ, કપ, ગ્લાસ તેમજ અન્ય કટલરી સહિતની ચીજવસ્તુઓનું વેચાણ કરનારા વ્યવસાયીકોને દુકાનોમાં પ્રતિબંધિત પ્લાસ્ટીકની ચીજવસ્તુઓ શો પીસમાં મૂકી રાખવી પડે તેવી સ્થિતિ પેદા થઈ છે. પ્લાસ્ટીકનો ઉપયોગ જ નહીં પરંતુ આયાત, સંગ્રહખોરી અને વિતરણ વેચાણ ઉપર પણ પ્રતિબંધ મૂકાયો છે. જેના કારણે અસંખ્ય નાના ધંધાર્થીઓને માઠી અસર થવાની સંભાવના છે. જિલ્લામાં ૩૦૦ થી વધુ વેપારીઓ સીંગલ યયુઝ પ્લાસ્ટીકના વેચાણથી ઘરનું ગુજરાન વર્ષોથી ચલાવી રહ્યા છે. જેમાં પ્રતિબંધ આવવાથી પર્યાવરણને તો લાંબા ગાળે તેનો ચોક્કસ ફાયદો થશે પરંતુ હાલ તો પ્લાસ્ટીકનું વેચાણ કરનારા વેપારીઓને મોટું નુક્સાન સહન કરવાનો વારો આવ્યો છે. ખાસ કરીને પ્લાસ્ટીકની પ્લેટ, કપ, ગ્લાસ સહિતની ચીજવસ્તુઓનું વેચાણ કરનારા વેપારીઓને હવે નવેસરથી અન્ય ધંધા શરુ કરવા પડે તેવી સ્થિતિ ઉભી થઈ છે.

### પ્રાંતિજના કતપુરમા તસ્કરો ત્રાટક્યા

## સોના-ચાંદીના દાગીના દાગીના સહિત રોકડ રકમની ચોરી

### તસ્કરો ચોરી કરી પલાયન થતા પ્રાંતિજ પોલીસને જાણ કરી

પ્રાંતિજ તા.૩

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ના કતપુર ખાતે તસ્કરોએ રાત્રીના સમયે એક મકાન અને એક ઓરડી ને નિશાન બનાવી સોના-ચાંદી ના દાગીના સહિત રોકડ રકમ ની ચોરી કરી પલાયન થતા પોલીસ ને જાણ કરાઈ હતી.

પ્રાંતિજ ના કતપુર ગામે બોર ઉપર રહેતા ડાહ્યાભાઈ શાકાભાઈ પટેલ કે તેવો રાત્રીના સમયે પોતાના પરિવાર સાથે મકાન ને તાળુ મારી બહાર ખુલ્લી જગ્યા મા સુતા હતા તે દરમ્યાન કોઈ અજાણ્યા તસ્કરો આવી તેમના મકાન ના આગળના દરવાજા નુ તાળુ તોડી મકાન મા પ્રવેશ કરી મકાન મા રહેલ સરસમાન વેરવિખેર કર્યો હતો તો ઘર માંથી કાઈ ના મળતા ખાલી હાથે નિકળી ગયા હતા ત્યારે તેમના મકાન ના ભાગે આવેલ ઓરડી મા તેમના ખેતરમા ભાગે રાખી ને ખેતી માટે રહેતા પ્રવિણસિંહ અમૃતસિંહ મકવાણા તેવો પણ ઓરડી ની બાજુમા ઓરડી ને તાળુ મારી પરિવાર સાથે સુતા હતા તો તસ્કરોએ ઓરડી નુ તાળુતોડી અંદર પ્રવેશ કરી સરસામાન વેરવિખેર કરી સોનાની ચેન , બે જોડસેરો , એક લોકેટ , છ હજાર રૂપિયા રોકડા સહિત ની ચોરી કરી પલાયન થતા પ્રાંતિજ પોલીસ સ્ટેશન મા આ અંગેની જાણ ખેડૂત ડાહ્યાભાઈ શાકાભાઈ પટેલ દ્વારા કરતા પ્રાંતિજ પોલીસ સ્થળ ઉપર દોડી આવીને આગળની તપાસ હાથધરી હતી.